# આદીનાથજી નો હેલો

હે  હેલો મારો સાંભળોને શત્રુંજય ના રાજા

હે નાભિરાજાનાં  બેટડા ને મરૂદેવીનાં લાલ

મારો હેલો સાંભળો જી,  હો જી રે મારો  હેલો સાંભળો  જી

હે... હુકમ કરો તો દાદા જાત્રા એ આવું

આ ભવોભવનાં કર્મ ખપાવી, મોક્ષે ચાલ્યા જાવું  ...

હે... ઊંચા ઊંચા ગિરિવરિયા  ને વસમી છે વાટ

હું કેમ કરી ને આવું દાદા,  પકડો મારો હાથ  ...

હે... આગમ  મંદિરમાં દર્શન કરીને તળેટી એ શિર નમાવું

હૈયે હામ ધરીને દાદા,  ગિરિવર ચઢવા લાગું  ...

હે... હિંગળાજ માનો હેડો આવ્યો, ત્યાં કેડે હાથ દઈ ચડ્યો
શાસન દેવી નું સ્મરણ કરતાં, આદિનાથ દ્વારે આવ્યો ...

હે... અલબેલા આદેશ્વર ભેટી, જીવન સફળ બનાવું
મુખડું દેખી પ્રભુજી તમારું, વારી વારી જાઉં ...

હે.... ચૈત્રી કાર્તિક પૂનમ યાત્રા, સિદ્ધાચલ જે આવે
તપ જપ ધ્યાનથી પાપ જલાવે, સંચિત કર્મ ખપાવે ...

હે...કળિયુગનાં કલ્પતરુ, એના મહિમાનો નહી પાર
સેવક હૃદયે વાસ કરો ને, અલબેલા એક વાર ...

દુહા:

હે... એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ

ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ

હે... શત્રુંજય સમો તીરથ નહિ, ઋષભ સમો નહિ દેવ

ગૌતમ સરીખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ

હે... સિદ્ધાચલ સમરું સદા, સોરઠ દેશ મોઝાર

મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર

હે... સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગીરનાર

શેત્રુંજય નદી નાહ્યો નહી,એનો એળે ગયો અવતાર

હે... ફૂલ તુમ્હે ભેજા હૈ પ્રભુજી, બિનતી હૈ સ્વીકાર કરો

દર્શન દેના હમ ભક્તોકો, હમરા બેડા પાર કરો

February 20, 2016 -